ઝારખંડના ખૂંટીમાં ખોફનાક અને શરમજનક ઘટના:

લગ્નપ્રસંગમાંથી ઘરે પરત જતી પાંચ છોકરીઓનું અપહરણ: દસ-બાર નરાધમોએ કર્યો બળાત્કાર

રાંચી તા. ૨૪: ઝારખંડના ખૂંટીમાં લગ્નમાંથી પરત ફરી રહેલી ૫ છોકરીઓનુ અપહરણ કરી સામૂહિક બળાત્કારની શરમજનક ઘટના બની છે. ખૂંટીથી લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલી પાંચ છોકરીઓનું ૧૦-૧૨ યુવાનોએ અપહરણ કયુ હતું. ત્યારબાદ તેઓ ત્રણને ટેકરી પર લઈ ગયા અને તેમની સાથે સામૂહિક બળાત્કાર કર્યો હતો.

એક છોકરી ભાગવામાં સફળ: ત્રણ પર ગેંગરેપની આ ઘટનાના દેશવ્યાપી પડઘા: પોલીસે આરોપીઓને દબોચી શરૂ કરી પૂછપરછ

રાંચી તા. ૨૪: ઝારખંડના ખૂંટીમાં લગ્નમાંથી પરત ફરી રહેલી ૫ છોકરીઓનું અપહરણ કરી સામૂહિક બળાત્કારની શરમજનક ઘટના બની છે. ખૂંટીથી લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલી પાંચ છોકરીઓનું ૧૦-૧૨ યુવાનોએ અપહરણ કર્યુ હતું. ત્યારબાદ તેઓ ત્રણને ટેકરી પર લઈ ગયા અને તેમની સાથે સામૂહિક બળાત્કાર કર્યો હતો.

ઝારખંડના ખૂંટી જિલ્લાના રાણિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શુક્રવારે રાત્રે એક શરમજનક ઘટના બની. ખૂંટીની લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલી પાંચ છોકરીઓનું ૧૦-૧૨ યુવાનોએ અપહરણ કર્યુ હતું. ત્યારબાદ તેઓ ત્રણને ટેકરી પર લઈ ગયા અને તેમની સાથે સામૂહિક બળાત્કાર કર્યો હતો.

રવિવારે આ મામલો પોલીસ સુધી પહોંચ્યો. પીડિતોએ અહીં પોતાના નિવેદનો નોંધાવ્યા હતાં. પોલીસે ૧૦-૧૨ છોકરાઓની અટકાયત કરી છે અને તેમની પૂછપરછ કરી રહી છે. પીડિતોએ પોલીસને જણાવ્યું કે ૨૧ ફેબ્રુઆરીની રાત્રે પાંચ મિત્રો લગ્ન સમારંભમાંથી ઘરે પરત ફરી રહયા હતા. તે જ સમયે, ૧૦-૧૨ છોકરાઓ તેનો પીછો કરતા આવ્યા અને તેની સાથે છેડતી કરવા લાગ્યા અને તેને જંગલ જેવી ટેકરી તરફ લઈ ગયા. આમાંથી એક છોકરી એક ક્રૂર વ્યક્તિનો હાથ દાંતથી કરડીને ભાગી ગઈ. તે રાક્ષસ બીજી ચાર છોકરીઓને પોતાની સાથે લઈ ગયો. પોલીસને આપેલા નિવેદનમાં, ૧૦ વર્ષની પીડિતાએ જણાવ્યું હતું કે તેના પર ત્રણ પાશવો દ્વારા બળાત્કાર કરવામાં આવ્યો હતો. તેમાંથી એકે કહ્યું કે ત્રણ લોકોએ તેના પર બળાત્કાર કર્યો.

એ એ સપી કિસ્ટોફર કેરકેટાએ જણાવ્યું હતું કે પોલીસે ૧૦-૧૨ છોકરાઓની અટકાયત કરી છે અને તેમની પૂછપરછ કરી રહી છે. બધા આરોપીઓ ટૂંક સમયમાં પકડાઈ જશે.

નરાધમની ચુંગાલમાંથી છુટીને ભાગી છુટેલી છોકરીએ ગામલોકોને આ બાબતની જાણ કરી. જ્યારે તે ગ્રામજનો સાથે ઘટનાસ્થળે પહોંચી, ત્યારે બધા ગુનેગારો ભાગી ગયા હતા.

પોલીસને આપેલા નિવેદનમાં, ૧૦ વર્ષની પીડિતાએ જણાવ્યું હતું કે તેના પર ત્રણ પાશવો દ્વારા બળાત્કાર કરવામાં આવ્યો હતો. બીજી એક પીડિતાએ જણાવ્યું કે તેને સાત ક્રૂર લોકોએ બંધક બનાવી હતી અને તેમાંથી ત્રણે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. એકનું નિવેદન નોંધી શકાયું નથી.

અધિક પોલીસ અધિક્ષક કિસ્ટોફર કેરકેટાએ વધુમાં જણાવ્યું હતું કે, પોલીસને રવિવારે આ બાબતની જાણ કરવામાં આવી હતી. પીડિતોના નિવેદન લીધા બાદ પોલીસે કાર્યવાહી શરૂ કરી દીધી છે. ૧૦-૧૨ છોકરાઓની અટકાયત કરવામાં આવી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. બધા આરોપીઓ ટૂંક સમયમાં પકડાઈ જશે.

:: જાહેર નોટીસ ::

આથી સર્વને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, તાલુકા જામનગર ગ્રામ્યના, મોજે : ચેલા ગામના ખાતા નં.૧૫૯૯થી આવેલ નવા રે.સ.નં.૭૯૯ (જૂના રે.સ.નં.૩૭), ક્ષેત્રફળ ઠેકટર આરે : ૧-૨૮-૬૬ ચો.મી. વાળી ખેતીની જમીન જેનો આકાર રૂા. ૫.૮૫ પૈસા છે. જે જમીન મુકેશભાઈ હરજીભાઈ ભંડેરીની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે. તેઓ પાસે થી સદરહુ ખેતીની જમીન અમારા અસીલે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેટે સુંથીની રકમ ચુકવેલ છે.

આ વેંચાણ વ્યવહાર પરત્વે કોઈ નો કોઈપણ જાતનો હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર હોય કે કોઈ ઉપરોકત જમીન કોઈ પાસે ગીરો, મોરગેજ હોય કે કોઈનું પણ લેણું, બોજો, ચાર્જ હોય, તેમજ આ વેચાણ સામે કોઈને પણ વાંધો તકરાર કે હરકત હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખીત વાંધા પુરાવા સાથે રજુ કરવા.જો મુદતમાં કોઈના વાંધા તકરાર રજુ કરવામાં નહિ આવે તો ઉપરોકત જમીન માં કોઈનો હકક, હિસ્સો, લાગભાગ કે અધિકાર આવેલ નથી, તેમજ આ જમીન વેંચાણ સંબંધે કોઈને વાંધોતકરાર નથી, અને હોયતો વેઈવ કરેલ છે તેમ માનીને અમારા અસીલ પોતાના જોગ નો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. આ વેંચાણ દસ્તાવેજ બાદ કોઈના વાંધા-તકરાર કે હકક દાવા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, તેની સર્વએ સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર — ભાવેશ ડી. કરંગીયા - એડવોકેટ
તા. ૨૪-૦૨-૨૦૨૫ — તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
ગિરીશ ગોજીયા એન્ડ એસોસિએટ્સ
ત્રીજો માળ, મધુસૂદન કોમ્પલેક્ષ, જકાતનાકા સર્કલ પાસે, ગોકુલનગર રડાર રોડ, જામનગર - (મો. ૯૦૧૬૭ ૦૭૫૩૮)

:: જાહેર નોટીસ ::

આથી લગતા વળગતા સરવેને જાણ કરવાની કે, શ્રી ગુજરાત રાજયનાં જીલ્લા જામનગરના તાલુકા જામનગર ગ્રામ્યના **મોજે ગામ ચંદ્રાગામાં આવેલ ખેતીની રેવન્યુ સરવે નં.૨૨૬ (જુના રે.સ.નં.૫૯/૧)** વાળી ઠેકટર આરે **ચો.મી.૨-૦૮-૧૩**નાં ક્ષેત્રફળની **ખેતીની બાગાયત જમીન** કે જે જમીન રેવન્યુ રેકર્ડ ખાતાવહીમાં **ખાતા નંબર ૩૬૦**થી તેનાં હાલનાં માલિક **દયાબેન જીવરાજભાઈ ડાંગરીયા**ની સ્વતંત્ર માલિકીથી નોંધાયેલ છે. મજકુર ખેતીની જમીન અમારા અસીલે તેનાં હાલનાં માલિક પાસેથી ટાઈટલ કલીયરની શરતે ખરીદવા સોદો કરી સુંથી આપેલ છે.

સદરહુ ખેતીની જમીન ઉપર **આઈ.સી.આઈ.સી.આઈ. બેંક જામનગર શાખામાંથી** લોન લીધેલ છે તેના સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારે હકક-હિસ્સો કે અધિકાર હોય કે સદરહુ વેંચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારે વાંધો-તકરાર હોય કે કોઈ વ્યકિત, સંસ્થા, બેંક કે સહકારી મંડળીનું કોઈપણ પ્રકારે લ્હેણુ બાકી હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭(સાત)માં અમારા સરનામે લેખિતમાં આધાર-પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યા બાદ કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા-તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં અને અમારા અસીલ શુધ્ધ-બુધ્ધિનાં ખરીદનાર તરીકે પોતા જોગનો પાકો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર — વિશાલ એમ. માલદે - એડવોકેટ
તા.૨૪-૦૨-૨૦૨૫ — તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
હસમુખ ઈ. હિંડોચા - એડવોકેટ
ઓફિસ: બ્લોક નં. ૭/૩૭, ગ્રાઉન્ડ ફ્લોર, લાખોટા મિગ કોલોની, મેઈન રોડ, એસ.ટી. ડેપો પાસે, જામનગર

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે, મારા અસીલે મહેશભાઈ કારાભાઈ ડૂકાણી કુલ અને સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા હકકની ખેતીની જમીન દેવભુમિ દ્વારકા જીલ્લાના દ્વારકા તાલુકાના કુરંગાની સીમમાં આવેલ નવા ખાતા નં.૮૨૦ રેવન્યુ સરવે નં.૬૮ (જુના રે.સ.નં.૪૫/પૈકી ૨)જેના એકર ૨-૦૩ ગુંઠા અને હેકટર ૦-૮૮-૦૫ આરે થાય છે.તે જીનપીયત ખેતીનીજમીન સંપૂર્ણ ટાઈટલ કલીયરની શરતે વેંચાણ લેવા નકકી કરેલ છે.

મજકુર મીલકત/ ખેતીની જમીન તેઓએ કોઈને વેંચાણ ગીરો બક્ષીસથી કે અન્ય કોઈપણરીતે તબદીલ ટ્રાન્સફર કે એસાઈન કરેલ નથી કે તેઓ સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હિત સંબંધ દર દાવો કે લાગ ભાગ નથી કે આ ખેતીનીજમીન ઉપર બેંક ઓફ ઈન્ડીયા, દ્વારકા શાખામાંથી લોન લીધેલ છે તે સિવાય અન્ય કોઈનું કોઈપણ પ્રકારનું લેણું ચાર્જ બોજો કે લીયન કે અડચણ નથી.અને બેંક ઓફ ઈન્ડીયા, દ્વારકા શાખામાંથી લીધેલ લોનની રકમ ભરપાઈ કરી નો ડયુ સર્ટીફીકેટ મેળવી તેઓ જોગના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ કરાવી આપવાના છે.અને તેઓને આ ખેતીની જમીનો વેંચાણ કરવા સંપૂર્ણ હકક સત્તા અને અધિકાર છે. ઉપરોકત ખેતીની જમીનો સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો હકક હીસ્સો હિત સંબંધ દર દાવો કે લાગ ભાગ હોય અથવા તો કોઈનું કોઈપણ પ્રકારનું લેણું ચાર્જ બોજો લીયન કે અડચણ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે વાંધા રજુ કરવા. જો મુદત દરમ્યાન કોઈપણ તરફથી કોઈપણ જાતનો વાંધો કે તકરાર લેવામાં નહીં આવે અને આધાર પુરાવા રજુ કરવામાં નહીં આવે તો મારા અસીલ કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હિત સંબંધ વાંધો કે તકરાર નથી અથવા તો હોય તો વેઈવ કરેલ છે.તેમ માની તેઓ સાથે મજકુર ખેતીની જમીનો અંગે આજરોજની વેંચાણ દસ્તાવેજ સહીતની તમામ પ્રકારની કાર્યવાહી આજરોજ કરી.અને મુદત બાદ કોઈનો વાંધો કે તકરાર હકકમાં લેવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર તા.૨૨/૦૨/૨૦૨૫ — ભરત વી.ગોંદીયા એડવોકેટ તે મારા અસીલની સુચનાથી

-: અમારા મારફત :-
ભરત વી. ગોંદીયા,એડવોકેટ
ગોંદીયા હાઉસ વાલકેશ્વરી નગરી
જામનગર મોબાઈલ નં.૯૮૨૪૦ ૫૫૮૫૫/૮૧૫૬૦૫૫૮૫૫

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે, મારા અસીલે હીરજીભાઈ મહેશભાઈ ડૂકાણી કુલ અને સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા હકકની ખેતીની જમીન દેવભુમિ દ્વારકા જીલ્લાના દ્વારકા તાલુકાના કુરંગાની સીમમાં આવેલ નવા ખાતા નં.૭૭૫ રેવન્યુ સરવે નં.૧૮૧ (જુના રે.સ.નં.૧૭/૨ પૈ.૧)જેના એકર ૪-૩૧ ગુંઠા અને હેકટર ૧-૯૯-૦૦ આરે થાય છે.તે જીનપીયત ખેતીનીજમીન સંપૂર્ણ ટાઈટલ કલીયરની શરતે વેંચાણ લેવા નકકી કરેલ છે.

મજકુર મીલકત/ ખેતીની જમીન તેઓએ કોઈને વેંચાણ ગીરો બક્ષીસથી કે અન્ય કોઈપણરીતે તબદીલ ટ્રાન્સફર કે એસાઈન કરેલ નથી કે તેઓ સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હિત સંબંધ દર દાવો કે લાગ ભાગ નથી કે આ ખેતીનીજમીન ઉપર બેંક ઓફ ઈન્ડીયા, દ્વારકા શાખામાંથી લોન લીધેલ છે તે સિવાય અન્ય કોઈનું કોઈપણ પ્રકારનું લેણું ચાર્જ બોજો કે લીયન કે અડચણ નથી.અને બેંક ઓફ ઈન્ડીયા, દ્વારકા શાખામાંથી લીધેલ લોનની રકમ ભરપાઈ કરી નો ડયુ સર્ટીફીકેટ મેળવી તેઓ જોગના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ કરાવી આપવાના છે.અને તેઓને આ ખેતીની જમીનો વેંચાણ કરવા સંપૂર્ણ હકક સત્તા અને અધિકાર છે. ઉપરોકત ખેતીની જમીનો સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો હકક હીસ્સો હિત સંબંધ દર દાવો કે લાગ ભાગ હોય અથવા તો કોઈનું કોઈપણ પ્રકારનું લેણું ચાર્જ બોજો લીયન કે અડચણ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે વાંધા રજુ કરવા. જો મુદત દરમ્યાન કોઈપણ તરફથી કોઈપણ જાતનો વાંધો કે તકરાર લેવામાં નહીં આવે અને આધાર પુરાવા રજુ કરવામાં નહીં આવે તો મારા અસીલ કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હિત સંબંધ વાંધો કે તકરાર નથી અથવા તો હોય તો વેઈવ કરેલ છે.તેમ માની તેઓ સાથે મજકુર ખેતીની જમીનો અંગે આજરોજની વેંચાણ દસ્તાવેજ સહીતની તમામ પ્રકારની કાર્યવાહી આજરોજ કરી.અને મુદત બાદ કોઈનો વાંધો કે તકરાર હકકમાં લેવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર તા.૨૨/૦૨/૨૦૨૫ — ભરત વી.ગોંદીયા એડવોકેટ તે મારા અસીલની સુચનાથી

-: અમારા મારફત :-
ભરત વી. ગોંદીયા,એડવોકેટ
ગોંદીયા હાઉસ વાલકેશ્વરી નગરી
જામનગર મોબાઈલ નં.૯૮૨૪૦ ૫૫૮૫૫/૮૧૫૬૦૫૫૮૫૫

:: જાહેર નોટીસ ::

આથી લગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, જામનગર ગ્રામ્ય તાલુકાના મોજે: સચાણા ગામમાં આવેલ નવા રેવન્યુ સર્વે નંબર-૪૫/પૈકી ૨ (જુના રેવન્યુ સર્વે નંબર : ૩૪) વાળી ખેતીની જમીન, જેના હેકટર: ૧-૩૪ ૦૬ આરે. ચો.મી. થાય છે. જે ખાતા નં. ૪૭૭ થી નોંધાયેલ છે. જેનો આકાર રૂા. ૩-૦૩ પૈસા છે. તે બિનપીયત જૂની શરતની ખેતીની જમીન છે. જે ખેતર 'મેરીયું' તરીકે ઓળખાય છે. આ ખેતીની જમીનના હાલના ધારણકર્તા લગધીરભાઈ કરણાભાઈ હાથલીયા પાસેથી વેંચાણ રાખવા અમારા અસિલે સોદો કરેલ છે, અને સૂથીની રકમ આપેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થાનો હકક, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર આવેલ હોય કે કોઈનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે કોઈપણ ગીરો મોરગેજ હોય કે સદરહુ વેંચાણ સામે કોઈપણ જાતના વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજૂ કરવા, જો મુદત દરમ્યાન કોઈ વાંધા-તકરાર લેવામા નહિ આવે તો સદરહુ મિલ્કત ઉપર કોઈપણનુ લેણુ, બોજો, ચાર્જ, લાગભાગ કે હિત સંબંધ આવેલ નથી. તેમ માની અમારા અસિલ આ મિલ્કત માલિક પાસેથી ધોરણસર વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ અમારા અસિલની કોઈપણ જવાબદારી રહેશે નહિ. જેની તમામે નોંધ લેવી.

સ્થળ: જામનગર — હેમલ વી. બૈડીયાવદરા - એડવોકેટ
તારીખ: ૨૪-૦૨-૨૦૨૫ — (અમારા અસીલની સૂચનાથી)

:: અમારા મારફત ::
હેમલ વી. બૈડીયાવદરા - એડવોકેટ
ઓફિસ: ૧૧-ફર્સ્ટ ફ્લોર, મુરલીધર કોમ્પલેક્ષ, ગોકુલનગર જકાતનાકા પાસે, જામનગર :: મો.૯૪૦૮૩ ૮૦૬૨૨

જાહેર નોટીસ

આથી લગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, જામનગર ગ્રામ્ય તાલુકાના મોજે : સચાણા ગામમાં આવેલ નવા રેવન્યુ સર્વે નં.-૪૫/પૈકી ૧ (જુના રેવન્યુ સર્વે નંબર:૩૪) વાળી ખેતીની જમીન, જેના હેકટર : ૧-૩૩-૯૮ આરે. ચો. મી. થાય છે. જે ખાતા નં. ૪૭૩ થી નોંધાયેલ છે. જેનો આકાર રૂા. ૩-૦૨ પૈસા છે. તે બિનપીયત જુની શરતની ખેતીની જમીન છે. જે ખેતર 'મેરીયું' તરીકે ઓળખાય છે. આ ખેતીની જમીનના હાલના ધારણકર્તા સોનીબેન સવાભાઈ કોઠીયા વા.ઓ. મેરામણભાઈ કનારા પાસેથી વેંચાણ રાખવા અમારા અસિલે સોદો કરેલ છે, અને સૂથીની રકમ આપેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થાનો હકક, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર આવેલ હોય કે કોઈનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે કોઈપણ ગીરો મોરગેજ હોય કે સદરહુ વેંચાણ સામે કોઈપણ જાતના વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજૂ કરવા, જો મુદત દરમ્યાન કોઈ વાંધા-તકરાર લેવામા નહિ આવે તો સદરહુ મિલ્કત ઉપર કોઈપણનુ લેણુ, બોજો, ચાર્જ, લાગભાગ કે હિત સંબંધ આવેલ નથી. તેમ માની અમારા અસિલ આ મિલ્કત માલિક પાસેથી ધોરણસર વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ અમારા અસિલની કોઈપણ જવાબદારી રહેશે નહિ. જેની તમામે નોંધ લેવી.

સ્થળ: જામનગર — હેમલ વી. બૈડીયાવદરા - એડવોકેટ
તારીખ: ૨૪-૦૨-૨૦૨૫ — (અમારા અસીલની સૂચનાથી)

:: અમારા મારફત ::
હેમલ વી. બૈડીયાવદરા - એડવોકેટ
ઓફિસ: ૧૧-ફર્સ્ટ ફ્લોર, મુરલીધર કોમ્પલેક્ષ, ગોકુલનગર જકાતનાકા પાસે, જામનગર :: મો.૯૪૦૮૩ ૮૦૬૨૨

જાહેર નોટીસ

આથી સર્વને જાણ કરવામાં આવે છે કે, શહેર જામનગરમાં બેડી બંદર રોડ ઉપર રૂ સેકસન તરફ જતા જામપુરી એસ્ટેટ તરીકે ઓળખાતા વિસ્તારમાં મુળ સર્વે નં. ૧/જી/૪ પૈકી પ્લાન નં. ૧૧ ના **પ્લોટ નં. ૨૮** વાળી જગ્યા ઉપર જામનગર મહાનગરપાલિકા ખાતેથી મેળવાયેલ બાંધકામની વિકાસ કાર્યની પરવાનગી (રજાચિઠ્ઠી) નં.૦૨૪૬૩૧ તા.૦૪-૧૨-૨૦૧૦ થી **'શ્રીનાથજી રેસીડેન્સી'** તરીકે ઓળખાતી ઈમારતનું બાંધકામ થયેલ છે અને તા.૧૬-૦૧-૨૦૧૩ના રોજ બાંધકામ પૂર્ણ થયાનું કંમ્પલીશન સર્ટીફીકેટ મળેલ છે.આ **'શ્રીનાથજી રેસીડેન્સી'** નામના એપાર્ટમેન્ટના પ્રથમ માળે આવેલ **ફ્લેટ નં. ૧૦૧ (એકસો એક)** વાળી જગ્યા કે જેનું બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૪૯.૪૪ ચોરસ મીટર, બાલ્કની એરીયાનું ક્ષેત્રફળ ૧૪.૯૩ ચોરસ મીટર તથા કુલ એકંદર **સુપર બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ ૧૦૬.૮૬ ચોરસ મીટર** જેટલુ થાય છે, તે **ફ્લેટ નં. ૧૦૧** વાળી જગ્યાનો સ્થાનિક સીટી સર્વે કચેરી ખાતે **વોર્ડ નં. ૧૦** માં **શીટ નં. ૮૬** માં **સીટી સર્વે નં. ૩૮૬૯** માં સમાવેશ થાય છે તથા તથા **નવા એકસેસી નં. ૦૪/૦૦૧૩/૦૦૦૦૧/૦૦૧** થી જામનગર મહાનગરપાલિકાના હાઉસ ટેક્ષ રજીસ્ટરે નોંધાયેલ છે, તે **ફ્લેટ નં. ૧૦૧** વાળી જગ્યાનાં માલીક તથા કબજેદાર **શ્રી જય સુરેશ ઠક્કર** પાસેથી વેંચાણ લેવા અમારા અસીલે સમજુતી કરેલ છે.

વાસ્તે, આ જાહેર નોટીસથી જાહેર કરવામાં આવે છે કે, આ વેંચાણ વ્યવહાર અન્વયે કે કબજા બાબતે કોઈને કોઈપણ જાતનો કાયદેસરનો વાંધો-તકરાર હોય કે સદરહુ **ફ્લેટ નં. ૧૦૧** વાળી સ્થાવર મિલકત પરત્વે કોઈપણ પ્રકારના હકક, અધિકાર, બોજો, કરજ કે ચાર્જ અથવા કોઈપણ પ્રકારનું લેણું કે લીયન હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૦૮ (આઠ)** માં અમારી ઓફિસે આધાર-પુરાવા સાથે લેખિતમાં રજુઆત કરવી. જો નિયત મુદતમાં કોઈ વાંધો લેવામાં નહીં આવે તો કોઈને કોઈપણ પ્રકારે વાંધા-તકરાર નથી અથવા હોય તો પણ તે જતાં (Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ પ્રાપ્ય કાગળો/દસ્તાવેજના આધારે શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે તબદીલી સંબંધેની કાર્યવાહી કરી સદરહુ **ફ્લેટ નં. ૧૦૧** વાળી સ્થાવર મિલકતનો પાકો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધા-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની નોંધ લેવી.

વકીલ રાજેશ એમ. કોટેચા - તે અસીલની સુચનાથી
ડાયમંડ માર્કેટ, દુકાન નં. ૨૩, ગ્રાઉન્ડ ફ્લોર, પી.એન. માર્ગ, જામનગર. ફોન : (ઓ) (૦૨૮૮) ૨૬૭૫૪૫૯

દરેડના શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરમાં

મહાશિવરાત્રિ નિમિત્તે રૂદ્રાભિષેક મહાપૂજા

જામનગર તા. ૨૪: જામનગરના દેવ એજ્યુકેશન એન્ડ મેડિકલ ફાઉન્ડેશન દ્વારા બ્રહ્મ એજ્યુ. ટ્રસ્ટ, પરશુરામધામ, તક્ષશીલા પરિવાર, પરશુરામ મંદિર નિર્માણ સમિતિ તથા સર્વ બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ પરિવારના સહયોગથી મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે તા. ૨૬.૨.૨૫ના શ્રદ્ધા હોસ્પિટલના ૪૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે દરેડ આઈઓસી પેટ્રોલ પંપ પાસે, શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરમાં સાંજે ૬ થી ૯ વાગ્યા સુધી રૂદ્રાભિષેક મહાપૂજા અને આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

પાંચ યુગલો પ્રભુતામાં પગલા માંડશે:

દ્વારકામાં બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિ દ્વારા સમૂહ લગ્નોત્સવનું આયોજન

જામનગર તા. ૨૪: બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિ (સમસ્ત)ના લગ્નઈચ્છુકો માટે સમૂહ લગ્નોત્સવનું આયોજન તા. ૨૦-૪-૨૦૨૫ના બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિની વાડી, દ્વારકામાં કરવામાં આવ્યું છે. જેમાં પાંચ યુગલ પ્રભુતામાં પગલા માંડશે. આ અંગેના ફોર્મ તા. ૧૩-૪ ને રવિવારે નારણજી હીરજી ભોગાઈતા વાલ્કેશ્વરીનગરી, પ્લોટ નં.૩/૧૧૯, શ્રી હરસિદ્ધિ ભુવન, જામનગરમાં ભરી શકાશે. પરંતુ પહેલા મો. ૯૯૦૯૧ ૩૩૩૬૯ ઉપર નામ નોંધાવવાનું રહેશે.

મુખ્ય દાતા નિલેશભાઈ કરશનજી પાંડયા (બાંભણીયા) (કેરીયો-કેન્યાવાળા) દ્વારા આ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે.

ફોર્મ ભરતી વખતે યુવક-યુવતીની ઉંમરના દાખલાનું ઓરિજિનલ પ્રમાણપત્ર અને સહી કરેલી નકલ, પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે લાવવાના રહેશે. વધુ વિગત માટે ઉપરોકત સરનામે અથવા મોબાઈલ નંબરનો સંપર્ક કરવો. નારણજી હીરજી ભોગાઈતા (જામનગર) દ્વારા જણાવાયું છે.

મરહુમાની મજલીસ

જામનગર તા. રૂકયાબેન કાદુભાઈ બ્લોચ, તે રફીકના માતાનું તા. ૨૩-૩-૨૦૨૫ (ઈન્તેકાલ) અવસાન થયેલ છે. મરહુમાના સવાબ માટે ઝિયારતની મજલીસ તા. ૨૫-૨-૨૦૨૫ ના સવારે ૧૧ વાગ્યે મકરાણી કોમ્યુનિટી હોલ, કિશાન ચોક પાસે, જામનગરમાં રાખેલ છે. જેમાં મદીના મસ્જિદના પેશ ઈમામ મૌલાના ફૈઝુલ હસન રઝવી નુરી તકરીર ફરમાવશે.

:: જાહેર નોટીસ ::

આથી સર્વે જાહેર જનતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જીલ્લાના, જામનગર ગ્રામ્ય તાલુકાના મોજે મીયાત્રા ગામના ખાતા નં. ૪૭૦ થી નોંધાયેલ (૧) નવા રે.સ.નં. ૧૨૩ (જુના રે.સ.નં.૧૨૩) જેનું ક્ષેત્રફળ હેકટર : ૦-૬૬-૧૧ આરે ચો.મી. છે, જે ટોબીરાવાળુ તરીકે ઓળખાય છે, જેનો આકાર રૂા. ૦.૯૫ પૈસા છે તથા (૨) નવા રે.સ.નં.૧૨૪ (જુના રે.સ.નં. ૧૨૪/પૈકી-૧) જેનું ક્ષેત્રફળ હેકટર : ૦-૬૭-૭૮ તથા પોત ખરાબો જેના હેકટર: ૦-૦૪-૦૫ મળીને કુલ ક્ષેત્રફળ હેકટર: ૦-૭૧-૮૩ આરે ચો.મી. છે, જે 'ઝોલીયુ તરીકે ઓળખાય છે, જેનો આકાર રૂા.૨.૦૫ પૈસા છે. આ બંને ખેતીની જમીનોના હાલના માલિકો (૧) કાન્તાબા રામસંગ, (૨) પ્રભાતસિંહ રામસંગ, (૩) અનોપસંગ રામસંગ, (૪) વનરાજસિંહ રામસંગ, (૫) જોસનાબા મહીપતસિંહ કિયોર, (૬) રક્ષાબા મહીપતસિંહ કિયોર, (૭) પાર્થ મહીપતસિંહ કિયોર, (૮) તારાબા મહીપતસિંહ કિયોર સ.વા. જોસનાબા મહીપતસિંહ કિયોર, (૯) સાક્ષી મહીપતસિંહ કિયોર સ.વા. જોસનાબા મહીપતસિંહ કિયોરની સંયુકત માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે. તેઓ પાસેથી સદરહુ બંને ખેતીની જમીનો અમારા અસીલે ટાઈટલ કલીયર અને ખાલી કબજાની શરતે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેટે સુંથીની રકમ ચુકવેલ છે.

ઉપરોકત વેંચાણ વ્યવહાર અન્વયે કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઈને પણ કોઈપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ (આઠ) માં આધાર-પુરાવા સાથે નીચે દર્શાવેલ સરનામે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-તકરાર ન મળ્યે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઈવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજી. વેંચાણ દસ્તાવેજની પ્રકિયા આગળ ધરશે અને ત્યારબાદ આવેલ કોઈપણ જાતનો વાંધો-તકરાર અમારા અસીલના હકક વિરુદ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: જામનગર — તે અમારા અસીલની સૂચનાથી
તારીખ: ૨૪-૦૨-૨૦૨૫

:: અમારા મારફત ::
રમેશ એમ. ડાંગર - એડવોકેટ
૧૧૫, માધવ સ્કવેર, લીમડાલાઈન કોર્નર, કિકેટ